# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: આરતી ભટ્ટ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

## તારીખ : ૦૭-૧૨-૨૦૨૪ શનિવાર સમય : સાંજે ૬:25 કલાકે

---

## પપ્રધાનમંત્રી-BAPS સુવર્ણ જયંતી મહોત્સવ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અમદાવાદમાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા- **BAPS** ની સુવર્ણ જયંતી ઉજવણી સમારોહમાં વર્ચ્યુઅલ રીતે સંબોધન કરી રહ્યા છે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા છે. આ કાર્યક્રમમાં 2 હજારથી વધુ કલાકારો સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરશે.

ઉલ્લેખનીય છે કે, બીએપીએસ સંસ્થાના સ્વયં સેવકોએ કોવિડ-10 ઉપરાંત ધરતીકંપ, પુર જેવી કુદરતી આપત્તિઓમાં 25 ગામોનું પુનઃવર્સન અને 75 શાળાઓના નિર્માણમાં યોગદાન આપ્યું છે. આ કાર્યક્રમમાં વિશ્વના 30 દેશોમાં સેવારત એક લાખથી વધુ કાર્યકરોનું સન્માન કરવામાં આવશે.

- (RNU અમદાવાદ)

---

## નાગરિક ઉડ્ડયન દિવસ:

આજે આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મહત્વાકાંક્ષી પહેલ 'ઉડે દેશ કા આમ નાગરિક' એટલે કે **UDAN** યોજનાના અમલીકરણમાં ગુજરાતે નોંધનીય પ્રદર્શન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા વર્ષ **2016**માં સામાન્ય નાગરિકો સસ્તા દરે હવાઈ મુસાફરી કરી શકે અને શહેરો વચ્ચે સુવ્યવસ્થિત કનેક્ટિવિટીને પ્રોત્સાહન મળે એ ઉદ્દેશથી રિજનલ કનેક્ટિવિટી સ્કીમ **UDAN** શરુ કરવામાં આવી હતી. **UDAN** પહેલના કારણે ગુજરાતમાં એર ટ્રાફિકમાં નોંધપાત્ર રીતે વધારો થયો છે. માહિતી મુજબ, ૨૦૧૭ થી અત્યાર સુધીમાં 7 લાખ 93 હજારથી વધુ મુસાફરોએ પ્રાદેશિક એરપોર્ટ પરથી ઉડાન ભરી છે. આ હવાઈ માર્ગોમાં મુંબઈ-કંડલા, અમદાવાદ-મુન્દ્રા, અમદાવાદ-દીવ અને સુરત-દીવ જેવા મુખ્ય માર્ગોનો સમાવેશ થાય છે. તાજેતરમાં આ નેટવર્કમાં અમદાવાદ-કેશોદ , અમદાવાદ-જલગાંવ અને અમદાવાદ-નાંદેડ જેવા રૂટ પણ ઉમેરવામાં આવ્યા છે, જેથી ગુજરાતની રિજનલ એર કનેક્ટિવિટી વધુ સારી બની છે.

- (અશરફ નથવાણી)

---

## ગાગોદર પોલીસ-પ્રશસ્તિપત્ર:

પૂર્વ કચ્છના રાપર તાલુકાના ગાગોદર પોલીસ મથક હેઠળના વિસ્તારમાં મંદિર ચોરી કરતી ગેંગ દ્વારા 19 મંદિરમાં ચોરી કરાઈ હતી. જે અંગેની તપાસ માટે પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ એસઆઇટીની રચના કરી એલસીબી એસઓજી ગાગોદર પોલીસ આડેસર પોલીસ દ્વારા તપાસ હાથ ધરી ગેંગ ને ઝડપી પાડવામાં આવી હતી. જે અન્વયે આજે કચ્છ આવેલા ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ ભુજ ખાતે આયોજિત પ્રશસ્તિપત્ર એનાયત કાર્યક્રમમાં દરેક અધિકારીમે પ્રશંસાપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા.

- (NP, આરતી ભટ્ટ)

---

## પીજીવીસીએલ-સ્માર્ટ મીટર:

કચ્છ જીલ્લામાં પણ પીજીવીસીએલ દ્વારા આગામી દિવસોમાં સ્માર્ટ મીટર લગાવવાની કાગીરી હાથ ધરાશે. આ અંગે જાણવા મળતી વિગતો અનુસાર સ્માર્ટ મીટરને પ્રિ-પેડને બદલે પોસ્ટપેડ કરવામાં આવશે. જેના લીધે ગ્રાહકોને રીચાર્જ કરવામાંથી મુક્તિ મળશે તેમજ વીજ કંપનીની પીજીવીસીએલ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જે ગ્રાહકો સ્માર્ટ મીટરની સાથે ચેક મીટર લગાડવા ઈચ્છુક હશે તેના ઘરે ચેક મીટર લગાવી શકશે. જેથી બંને મીટરનો વપરાશ સરખાવી શકાય.

- (NP, આરતી ભટ્ટ)

---

## ભુજ-મુન્દ્રા બાર એસોસીએશન ચૂંટણી:

જીલ્લામાં મુન્દ્રા બાર એસોસિએશનની આગામી સમયમાં યોજાનાર ચૂંટણી માટે ૨૨ ફોર્મ ભરાયા છે. સત્તાવાર માહિતી અનુસાર ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે ચૂંટાનાર નવી કારોબારીના સાત સભ્યો માટે આગામી ૨૦ ડીસેમ્બરના રોજ મતદાન યોજાશે.

ભુજ બાર એસોસિએશનની ચૂંટણીમાટે ૫૦ ઉમેદવારે ફોર્મ ભર્યા છે. ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ ૧૦ ડીસેમ્બર બાદ ચૂંટણીમાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારનો ચોક્કસ આંકડો સ્પષ્ટ થશે.

- (NP, આરતી ભટ્ટ)

---

## લખપત તાલુકો-પાકલો બીમારી:

જીલ્લામાં શિયાળો પોતાની પકડ વધુ મજબુત બનાવી રહ્યો છે. રાજ્ય ના શીતમથક અબડાસા તાલુકાનું નલિયા ખાતે છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જયારે જીલ્લા મથક ભુજમાં નીચું તાપમાન ૧૮ ડીગ્રી સેલ્સિયસ, કંડલા એરપોર્ટમાં ૧૫.૩ તો કંડલા બંદરે ૧૭.૫ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દરમિયાન , હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાકમાં જીલ્લામાં હવામાનમાં કોઈ મોટા ફેરફાર ન થવાની સંભાવના દર્શાવાઈ હતી.

- **(NP, આરતી ભટ્ટ)**

---

## ઠંડી:

જીલ્લામાં શિયાળો પોતાની પકડ વધુ મજબુત બનાવી રહ્યો છે. રાજ્ય ના શીતમથક અબડાસા તાલુકાનું નલિયા ખાતે છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જયારે જીલ્લા મથક ભુજમાં નીચું તાપમાન ૧૮ ડીગ્રી સેલ્સિયસ, કંડલા એરપોર્ટમાં ૧૫.૩ તો કંડલા બંદરે ૧૭.૫ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દરમિયાન , હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાકમાં જીલ્લામાં હવામાનમાં કોઈ મોટા ફેરફાર ન થવાની સંભાવના દર્શાવાઈ હતી.

- **(NP, આરતી ભટ્ટ)**

---